શ્રી રા

સુરેકના માંગલિક પ્રસંગ માટે ખાસ.

બાલ સંવાદ.

[વિભાગ ૧ લો ([illegible]) [illegible]]

[illegible]

[illegible] [redacted]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

અમદાવાદ—[illegible]

[illegible]

[illegible]

[illegible]

કિંમત રૂ ૦—૩—૦

આ પુસ્તક સને ૧૮૬૭ ના ૨૫ મા આક્ટ મુજબ
રજીસ્ટર કરાવ્યું છે માટે માલીકની રજા વગર
છાપવું નહિ.

અર્પણ પત્રિકા.

માન્યવંતા પૂજ્યવય,

ગુરુશ્રી !!!

રા. રા. જેભાઈ નરોત્તમદાસ શાહ.

આ૦ ડે૦ એ૦ ઇ૦ સાહેબ.

જીલ્લે—અમદાવાદ.

ગઝલ

સુવાસી શબ્દ પુષ્પોની, સુમાળા અર્પવા ધારી;
સ્વીકારોને ગુરુશ્રી આ, હૃદે ગ્રંથે ગુંથી ભારી.
હૃદય વાડી થકી ઉગ્યા, પરાગો મમ હૃદે લાગ્યા;
ખીલ્યા ફાલ્યા અને ફુલ્યા, પરિમલ પુષ્પ શું જાગ્યાં.
તમારૂં તે તમોને મેં, દીધું છે દિલથી શાણા;
કૃતાર્થી હુ થયો હાવે, વધારો સ્નેહનાં ઝરણાં.

હું છું
આપનો આજ્ઞાંકિત.
દેવશંકર કેશવરામ ભટ્ટ.

પ્રસ્તાવના.

આવા નાનકડા "બાળ સંવાદ"ના પુસ્તકને પ્રસ્તાવનાની શી જરૂર છે, એમ સહેજ પ્રશ્ન ઉપસ્થિત થાય એ સ્વાભાવિક છે. પરંતુ બાળકને નવીન જ્ઞાનારંભના માર્ગમાં પ્રવેશ કરાવતા પહેલાં સહેજ સૂચના દાખલ પ્રસ્તાવનાની જરૂર છે. શાળાઓમાં તેમજ કોલેજોમાં મેળાવડાના પ્રસંગમાં વિદ્યાર્થીઓ પાસે અમુક પુસ્તકમાંથી ઉતારા તૈયાર કરાવી તેમજ વાચનમાળામાંથી કેટલાક પાઠોના મુખ પાઠ કરાવી પાત્રો કલ્પી સંવાદના રૂપમાં બતાવાય છે. આવા સમયમાં બાહોશ અને વિદ્વાન શિક્ષકો પોતાનું કામ સારી રીતે બતાવી શકે છે; પરંતુ આવા કાર્યમાં ઓછી માહીતીવાળાઓને ઘણી અડચણો વેઠવી પડે છે. તેથી નાનું પણ રસિકડું પુસ્તક તૈયાર કરી શિક્ષકોના હસ્તકમળમાં મૂકવાનું મેં સાહસ કરેલું છે.

સદરહુ પુસ્તકમાં પહેલી ચોપડીથી સાતમી ચોપડી સુધીમાંનો એકેકો પાઠ ધ્યાનમાં રાખી વિવેચન કર્યું છે. તેમાંની કેટલીક હકીકતમાં સુધારો વધારો કરવામાં આવ્યો છે. બાળકોની શક્તિને ધ્યાનમાં રાખી લંબાણ હકીકતને ટુંકી કરવા પ્રયત્ન કર્યો છે, પણ બોધક હકીકતને આગળ મૂકવાનો ખાસ પ્રયાસ કર્યો છે. તેમજ ધોરણને અનુસરીને ભાષા તેમજ કવિતાઓ મૂકવામાં આવી છે, છતાં દાખલા તરીકે સાતમા ધોરણના વિદ્યાર્થીઓ ચોથા ધોરણનો પાઠ ભજવી બતાવે તેમાં કંઈ અડચણ નથી.


જમાના મુજબ જ્ઞાનના માર્ગોનું અતિક્રમણ થાય એમાં કંઈ

નવાઈ નથી. એ મુજબ હાલના બાળમમાજના વાતાવરણને અનુસરી વિદ્યાર્થીઓને કેળવવા એ આ પુસ્તકનો ખાસ હેતુ છે.

સુલેહના ઉત્સવ નિમિત્તે આ પુસ્તક લખવામાં આવેલું છે, તો શિક્ષકો સદરહુ પુસ્તક ખરીદશે, એટલુંજ નહિ પણ આ માર્ગે બાળસમાજને કેળવશે તો મારો પ્રયાસ સફળ થયો એમ માનીશ.

છેવટમાં આ ચોપડી લખવામાં વાચનમાળાનો તેમજ અંદરની કવિતાનો છૂટથી ઉપયોગ કરવામાં આવ્યો છે, તો તેમના કર્તાનો ઉપકાર માનવાને આ સમયે ભૂલતો નથી. વળી રા. રા. અંબાલાલ ગીરધરભાઇએ, શાહ સોમચંદ જીભાઇએ, પા. જીજીભાઈ ઝવેરભાઈએ અને ભીખાભાઇ દાભાઇ પંડયાએ આ કાર્યમાં જે કીમતી મદદ આપી છે, તેમનો મહદુપકાર કોઈ દિવસ ભૂલાય તેમ નથી.

જીતોડીઆ તા. આણંદ.
વિજયા દશમી. સં. ૧૯૭૫, } દ૦ કે૦ સારસાવાળા.



સ્કુલ ટાઇમની શરુઆત પહેલાંની
શિક્ષકોને સુચના.

નિશાળના ટાઇમ અગાઉ પંદર કે વીશ મિનિટે ઘંટ વગાડાવી કંપાઉન્ડમાં દરેક શિક્ષકે પોતાના ધોરણના છોકરા સાથે આવી હાજર થવું. મુખ્ય શિક્ષકે સૌથી આગળ બાળવર્ગના છોકરા ને તેની પાછળ અનુક્રમે ધોરણ પ્રમાણે છોકરા ઉભા રાખે તેવી ધોરણના શિક્ષકને સુચના કરવી, અને હાર સીધી છે કે કેમ તેની તપાસ રાખવી. આ પ્રમાણે છોકરાઓ ટેવાશે એટલે વધુ પરિશ્રમની જરૂર રહેશે નહિ. દરેક શિક્ષકે પોતાના વર્ગની પાસે ઉભા રહેવું અને બરોબર વ્યવસ્થા જળવાય તે ઉપર ખાસ લક્ષ આપવું, જેથી શાન્તિથી કામ ચાલે. છોકરાઓ ડ્રિલની તૈયારીની માફક ટટાર અને હાથ લટકતા રાખી ઉભા રહે તેમ કરવું. (આ વખતે સ્લેટ દફતર વગેરે પાસે હોવું જોઇએ નહિ.) દરરોજ વારાફરતી દરેક કલાસવાર હોશિયાર, ચાલાક અને મધુર રાગવાળા બે છોકરાને બધા છોકરાની મધ્યે બધાની સામે આવે તેવી રીતે ઉભા રાખવા, અને દરરોજની પ્રચલિત ડ્રિલ કરાવી સાથેની ઇશ્વરસ્તુતિ, શારદાસ્તવન અને રાજગીત પસંદ કરી દરરોજ બોલાવવાનો નિયમ રાખવો. છેવટે ડ્રિલની કવિતા ગવરાવી ગાયન સાથે કલાસમા સાતમા ધોરણથી પ્રવેશ કરાવવો,

ગણપતિ સ્તવન.

શ્રી ગુણ ગણપતિ શુભ મતિ દાતા.
હરે કુમતિ હરિહર સુખ શાતા;
લંબોદરને લાગુ પાય, ગિરિજા સુત ગુણ નિધિ ગણરાય
સ્મરતાં સંકટ દુર પળાય. શ્રી ગુણ.
વંદુ સરસ્વતી ભગવતી, ભુવનેશ્વરી, સર્વેશ્વરી,
ભારતી, કરૂં આરતી, પ્રેમે પુજું પરમેશ્વરી. શ્રી ગુણ;
(મહાશ્વેતા કાદમ્બરી કવિ ચિત્રકાર.)

શારદા સ્તવન.

વંદુ શ્રી સારદા. ૨)
જનમન, રંજની, અખીલ નિરંજની.
સ્થિર રસ પોષક થા....થા....થા....વંદુ.
અશરણ શરણી કરુણા કરણી,
અભરણ ભરણી, અમૃત ઝરણી;
પરમ પ્રેમ પય, પા—પા—પા, (૨) વંદુ.
ચરણ વંદીએ, ચિત્ત નિત્ય ચાહીએ
હર્ષિત થઇએ, તુજગુણ ગાઇએ
વિજય વિજય, જય જય વરદા (૨) વંદુ.
(કેળવણી પરિષદ

નમું બ્રહ્મ તનયા, શ્રી સારદા. (૨)
સુખકારણી, દુઃખહારણી, હે ભગવતી ભુવનેશ્વરી,
વરદાયીની, મતિ અર્પણી, માતંગ તું પૂર્ણેશ્વરી—નમું.

ચંદ્રવદની, ભાલ, તીલકી, ગૌરવર્ણી, નિર્મળા,
નિર્મળ હૃદયની, શ્વેતવર્ણી, શાન્તિ કરજે સર્વદા—નમુ.

ઇશ્વર સ્તુતિ.

હે પ્રભુ તારી કુદરત ન્યાળી, અદ્દભુત્ રચના લીલા સારી.
જળ સ્થળ વાદ્રળ પર્વત ભારી, નહેરા નાળાં ભુ પરવારી—હે પ્ર૦
બાગ બગીચા સુંદર ક્યારી, હસ્તી વસ્તી તેં વિસ્તારી,
હરહરહર તુજની બલિહારી, ગાયે બુલબુલ કોયલ પ્યારી—હે પ્ર૦

શ ળાપત્ર,

વિજય વાદ્ય.

(રાગ જય જય ગરવી ગુજરાત.)

જય જય શ્રી જ્યૉર્જ મહારાજ,
જય જય શ્રી! જ્યૉર્જ મહારાજ;
રાજ્યો રણુ રિપુ સમાજ.
ધ્વજ પ્રકાશતાં રક્ત સુવર્ણી; રાજ્ય ભક્તિ અંકિત
છે સકળ જગત અનહદ આનંદી પૂર્ણતાજપર પ્રીત
વાગ્યાં વાજીંત્ર સુરાગ.
જય જય શ્રી જ્યૉર્જ મહારાજ.
ઉજવે ઉત્સવ ઉમંગ
ગાતાં ગુણુ શુભ પ્રસંગ,
છે દિપોત્સવીના રંગ થકી પણુ સરસ ગુલાબી રંગ;
દે અહદનિશ પ્રભુજી આ રંગો પ્રસરે જેમ સુગંધ.

રહો અચળ અમર આ રાજ:
જય જય શ્રી જૉર્જ મહારાજ.

(ખેતીવાડી વિજ્ઞાનમાંથી લેખક દે. કે. સારસાવાળા)

રાજગીત.

રાગ કલ્યાણ.

રક્ષ ભૂપ જ્યોર્જને તું હે જગત્પતિ,
પ્રતાપ સૂર્ય સમ અને છે ઉચ્ચતમ મતિ. રક્ષ. ૧

શાન્તિદા છે હિમરશ્મિ સમ મુખાકૃતિ,
શૌર્યને ક્ષમા ધૃતિથી અધિક દીપતી- રક્ષ. ૨

કીર્તિ તું પ્રસાર અખિલ વિશ્વમાં અતિ,
જેમ ફૂલની સુવાસ વાથી પ્રસરતી રક્ષ ૩

દુશ્મનો વિખેરી તેની ધૂળ કર કૃતિ,
અરિ તમામ નાશકર તું કોપ અનલથી રક્ષ ૪

વેલીસમ વધાર પરિવાર ભૂપતિ,
કુટુંબમાં રખાવજે પરસ્પરે પ્રીતિ. રક્ષ ૫

સંપ જંપ હેતની તું નાખ જડ ઉંડી,
ઝેર વેર વિઘ્ન સર્વ કાપ મૂળથી રક્ષ. ૬

આધિ વ્યાધિ ને ઉપાધિ નાશ કર થકી,
નૃપ શિરે કૃપાની વૃષ્ટિ રાખ વરમતી. રક્ષ ૭

રાખ તંદુરસ્ત નિત્ય હે દયાનિધિ,
દીર્ઘ આયુ આપ એ અમારી વિનતિ. રક્ષ. ૮

સવૈયા છંદ

એક બોલતાં આપણુ સાથે બેઉહાથ ઉંચાજ કરો.
બે બોલીને મંડળ આખું બેઉહાથ માથેજ ધરો,
ત્રણુ કહેતામાં હાથ ઉઠાવીલો ખાંધે ધીરજ સાથે;
ચાર કહીને બંનેપાસે હાથ પ્રસાંના ખુલાસે.
પાંચ બોલતાં તાળી લેવા બેઉહાથ સાથે લાવો;
બેઉ હાથને છ કહેતામાં બે પડખે નીચા લાવો
સાત બોલતાં પુઠે સાથે અદબવાળો સંભારી
આઠે કર આઘા લો પાછા જીવ રાખવા સંભાળી,
નવ બોલીને બેઠકવાળો દશે આળસ તો છોડી;
ટટાર સર્વે ઉભા થઇને નમો ગુરૂને કરજોડી.

(ડ્રીલ થઇ રહ્યા પછી નીચેની કવિતાથી છોકરાને વર્ગમાં લઇ જવા.)

(યોગ્ય ઝડપથી ગાવાનું)

ડ્રિલ આપણી પુરી થઇને, ચાલો જઇએ બારોબાર
તાલે તાલે પગ ઉપાડી, ચાલો સર્વે હારોહાર.
શાંત બનીને સર્વે ચાલો, આડું અવળું નવ જોશો;
સાચવજો સૌ દફતર પોથી, નહિતો તેમાંનું ખોશો.
નજર આપણી સામે રાખો, ચાલો સૌ એક એક પુઠે;
સંભાળી સંભાળી ચાલો હાર આપણી નવ તુટે.
ઉભા રો' સૌ સાને ઠામે, આઘા પાછા નવ થાશો;
સૌ સાથે શિક્ષકને હેતે, નમન કરી બેસી જાશો.

(શાળાપત્ર (

શ્રી ૧૧

બાળ સંવાદ.

ધોરણ સાતમું.

સ્થળ સિદ્ધરાજની કચેરી.

પાત્રઃ—સિદ્ધરાજ, સામંતો, દરબારીઓ પાછળથી જગદેવ.

પ્રારંભ સ્તુતિ.

રાગ (મહીદીપને મળતો)

ધ્યાન ધરવું શ્રી પ્રભુનું વિશ્વમાં એ સાચું,
વિશ્વમાં એ સાચુ, બીજુ ક્રોડ કામ કાચું. ધ્યાન.

આયુ અર્ધ માનવીનું નિદ્રામાં જનારૂં.
શેષ રહ્યું અલ્પ તેમાં શું કરે બિચારૂં. ધ્યાન.

મહેલને મંદિર માળ અચળ શું રહેનારા,
અમર કીર્તિ કરવા કાજ અમર ના થનારા, ધ્યાન.

ઘડી બે ઘડીક થાય ભક્તિ તો તો સારૂં
ચેત નહિતો ચાલ્યું જીવન, ભટકતું થનારૂં. ધ્યાન.

મહારાજ સિદ્ધરાજ—(આરતી થઇ રહ્યા પછી હનુમાન પ્રત્યે)

રાગ (નરદેવ ભીમકની સુતા)

કર સ્હાય વાયુપુત્ર હે !!! દુઃખીઆના બેલી તું પ્રભુ;
હું કરગરી વિનવું તને રક્ષણ કરો દાતા વિભુ.
હું સિંહ છું પણ રંક સરખો કાળની જ્વાળા કને;
કોઇ દિન એવો આવશે જડશે નહિ મમ ભસ્મરે.
વાજાં અરિનાં વાગશે મુજ મહેલ માળા તોડશે,
ક્ષત્રિય વિરલા હીન બની સામું જરી નહિ ભાળશે.
તે સમયમાં હનુમંતજી સ્હાયે વળે તો તું વળે,
બીજો નથી કંઈ આશરો આ રંક દુઃખી કરગરે૦

મંત્રેશ્વર—મહારાજા, આખરની વાતકરવા બેસવું એ ક્ષત્રિયકુળનો ધર્મ નથી. છેક આખરનો વિચાર કરવા બેસીએ તો છેક દૂરના મુલકમાં મહારાજા જયસિંહની વિજય પતાકા ફરકે છે, તે કેવી રીતે ફરકી શકે ? માટે પ્રલયકાળની વાત આઘી મૂકીએ તો સ્વર્ગ-ભવન સરખા ધામથી આપનું નામ **"यावच्चंद्र दिवाकरौ"** રહેવાનું છે.

સિદ્ધરાજ—અરે મંત્રેશ્વર દેવનું કારમું ચક્ર નિરંતર ફર્યાજ કરે છે. ઉત્પતિ પછી લય થનાર છે, ભરતી પછી ઓટ આવનાર છે. પ્રકાશની પાછળ અંધકાર છે અને જન્મનો સાથે મર્ણ જડાયેલુંજ છે અરે શિલાદિત્યનું વલ્લભીપુર કયાં છે ? એક દિવસ એવો પણ આવશે કે જેનું નામ નિશાન જરીપણ રહેશે નહિ. માટે હે વાયુ પુત્ર, તે સમયમાં સહાય કરવી તારાજ હસ્તમાં છે. હવે કાલવાળા રજપુતને બોલાવો.

(છડીદાર જગદેવને બોલાવી લાવે છે)
(જગદેવ પગે પડે છે)

સિદ્ધરાજ—કેમ, તું અમારી સેવા કરશે કે ?

જગદેવ—પૃથ્વીપતિ, એજ આશાએ હું આપના દેશમાં આવ્યો છું

સિદ્ધરાજ—પણ ધરનું રાજ્ય છોડી કેમ આવવું પડયું ?

જગદેવ—મહારાજાધિરાજ, હું આવ્યો છું તો દુઃખનો માર્યો; પરંતુ દહીંમાંથી જેમ ઘી ઉત્પન્ન થાય છે, તેમ દુઃખમાંથી સુખનો જન્મ થવાનો હોય એમ માનું છું. આપની હલકી પણ સેવાને અર્થે તો મોટા મોટા રાજકુમારો આવે છે, તો વળી મારો શો હિસાબ છે! હાલના સમયમાં ક્ષત્રિય વીર્ય બતાવવાનું સ્થળ આપની પરાક્રમી સેના સિવાય બીજું કયું છે ?

હેમચંદ્ર—પૃથ્વીપતિ, પ્રવાસ સદા એવો જ છે. કહ્યું છે કેઃ—

આર્યા.

ચતુર પુરૂષને આરસ ભાર પ્રમાણે ન તોળી વેચાએ,
અધિક અધિક મૂલ પામે દૂર પરગામે જ્યમજ જાએ. (વા.મા)

પહેલો શાસ્ત્રીઃ—

સંપત્તિ તણી પ્રાપ્તિ જેના કીધી પ્રવાસથી ભાવે;
ધિક્ક યુવઋતુ મૂર્ખની અફળ ગઇ ફરી નહિ આવે. (વા.મા.)

બીજો શાસ્ત્રીઃ—

ત્રણુ અલાભજ જામે જો નર ઉંબર ગ્રહી રહે ગ્રામે.
ફાટે વસ્ત્ર વધે ઋણુ ને નહિ કીર્ત્તિ કદા પામે. (વા. મા.)

સિદ્ધરાજ—સેવાને પેટે તમને ગામ આપીએ તે પસંદ છે કે છુટક પગાર ?

જગદેવ—મહારાજા, પગાર આપો તો ઘણી કૃપા થાય.

સિદ્ધરાજ—શું તાંબાપત્રે લખી આપીએ કે વંશપરંપરા તું તેનો ઉપભોગ કરે તેથી છુટક પગાર વધ્યો ? આવો પરાક્રમી છે; છતાં વ્યવહારમાં તો બાળકજ દેખાય છે.

જગદેવ—બાળકતો પૃથ્વીપતિના સઘળાજ છે. આપ, ગામ આપી પાછું લેશો એવો મને સહેજ પણ સંદેહ નથી. મારીતો એજ વિનતી છે કે કૃપાનિધાન, ચાકરી પેટે તો પગારજ મળવો જોઇએ.

સિદ્ધરાજ—જગદેવ, ત્યારે કારણ શું છે, તે કહે. પછીથી અમે તારી બુદ્ધિનો પુરેપુરો નિશ્ચય કરીએ.

જગદેવ—પૃથ્વીપતિ, અપરાધ ક્ષમા કરશો. વિજયયાત્રા કરવી એ આપણો ક્ષત્રિયનો ધર્મ છે, કૃપાનિધાન, કોઇ દિવસ આપની સ્વારી મારા પિતાના ગામ ઉપર ચઢશે, ત્યારે તેમના દુ:ખે મેં દેશવટો લીધો છે, એ ખરૂં; તથાપિ તેમના સામા તમારી સેનામાં આવું એ કેમ થાય ? અને ગામ લીધું હોય, તો તમારી સાથે ના આવું તો ચોર થાઉં. માટેજ પગારની યાચના કરૂં છું.

સિદ્ધરાજ—ધન્ય છે ! ધન્ય છે !! રજપૂત આટલી નાની ઉમરમાં તારી સમજણને !!! ભંડારી, કાલથી એને રોજ બે હજાર મહોર રોકડી ગણી આપવી આ સઘળા સુભટો બેઠા છે, તેમના દેખતાં કહું છું કે હું જેમ જેમ આ

રજપૂતની વધારે વાતો સાંભળતો જાઉં છું, તેમ તેમ વધારે એનાપર પ્રસન્ન થાઉં છું.

: વરમાં **લાવણી.**

માલવપતિ સુત જગદેવ, શુરો અહમેવ, વચનને કાજે (૨)
નોકળીયો છોડી રાજ્ય વસ્યો ગુજરાતે,
ગુર્જર શિરોમણી રાજ. રૂડો–સિદ્ધરાજ વિવેકી કહાવે. (૨)
રાખ્યો કરીને સામંત મિત્રતા ભાવે૦
જયસિંહનું કરવા મર્ણ, ધરીને યત્ન યોગણી આવી (૨)
સામો ધસીયો જગદેવ જરીના ફાવી૦
મહારાજા કાજે શિર મૂકે જગવીર ક્ષત્રીના ધર્મે. (૨)
એ રત્નો ભારતમાંય પ્રકાસ્યાં સુકર્મે.

ધોરણ છઠું.

પ્રવેશ પહેલો.

સ્થળ:—મહારાજા ભુવડનો દરબાર.

પાત્ર:—મહારાજા ભુવડ, સામંત મિહીર, અને દરબારીઓ
પાછળથી શંકર કવિ.

સ્તુતિ.

શાર્દુલ વિક્રીડિત છંદ.

શ્રીમન્ શ્રી પરમેશ પાય પડીને, સ્તુતિ કરૂં સર્વદા;
કાપો પાપ અમાપ સેવક તણાં આપો સદા સંપદા.

ભારતના સંતાનની સરસ છે, સુરાજ્ય ભક્તિ ખરે;
છે તેવી નિભાવજો અમઉરે રાખું સદા આશ રે;

જુવડ:—વહાલા સામંત, આપણે જે જે ભાગો જીતી લીધા છે. તેની વ્યવસ્થા બરાબર થઇ છે કે કેમ?

સામંત—ગૌ બ્રાહ્મણ પ્રતિપાળ મહારાજા, જ્યાં આગળ આપની આણ ફરતા હોય ત્યાં આગળ અવ્યવસ્થા હોય તો પછી તેનું લાંછન અમનેજ લાગે!!! કૃપાનિધાન. " રામ સમાન આપનું રાજ અમર તપો " એવું રૈયતના મુખમાં હમેશાં બોલાયાજ કરે છે.

સિપાઇ—(નમન કરી) અન્નદાતા, કોઇ કવિ અંદર આવવાની રજા લે છે ?

જુવડ—સુખેથી આવવા દો.

શંકર કવિ—(પ્રવેશ કરી)

ધન્ય ધન્ય રાજનને રૂડાં ભલેરાં રાજ;
શોભીતાં વળી ઉજળાં જાણે બીજો ગુજરાત.

સામંત—કવિવર. આપનું નિવાસસ્થાન ક્યાં છે. તે જણાવશો.

શંકર કવિ— **છપ્પો.**

રૂડો દેશ ગુજરાત, જયશિખર રાજ્ય કરે છે.
રૂડો દેશ ગુજરાત, અરિનાં શિર હણે છે;
રૂડો દેશ ગુજરાત, સુરજને ચંદ્રજ જેવો.
રૂડો દેશ ગુજરાત, પાકતો મીઠો મેવો,
ખીસકોલી જેવા પ્રાણીઓ તે, સુવર્ણ પાત્રે જઈ જમે,
ત્યાં આગળે મમ સ્થાન છે, વિસ્તારથી કહીએ અમે.

ભુવડ—આ કવિની કવિતાથી મારૂં મન રંજન થઇ ગયું છે, જેથી તેમને માગ્યા પ્રમાણે ઇનામ આપવાની ગોઠવણ થવી જોઇએ. વળી કવિતામાં મોટો સંશય ઉત્પન્ન થાય તેમછે, કારણકે આપણા દેશને ગુજરાતની ઉપમા આપે છે. તો શું ગુજરાત દેશ આપણા કરતાં ચઢીઆતો છે! વળી જયશિખર આપણો ખંડીઓ રાજા ખરો કે કેમ!

સામંત—મહારાજા! કવિને ઇનામ આપવાની ગોઠવણ થઇ ગઇ છે. ગુજરાતના વર્ણનમાં કવિની અતિશયોક્તિ નથી; પરંતુ ખરેખર તેમજ છે. જેમાં ચારૂત્તર જેવો રમણીય પ્રદેશ છે, કાચું સુવર્ણ આપનાર ભૂમિ છે, અને જેની સહાયમાં સોમનાથ મહાદેવ હમેશાં હાજર છે. એવું રાજ્ય આપણા તાબામાં હોયજ ક્યાંથી? જયનું શિખર એવો અર્જુન સમો યોદ્ધો જયશિખર એતો સ્વતંત્ર મહારાજા છે

ભુવડ—સામંત! ગુજરાતનું નામ જ્યારે જ્યારે આવે છે. ત્યારે ત્યારે તમારા મુખમાંથી નિરાશાનાજ શબ્દો નીકળે છે

મિહીર—કૃપાનિધાન! જરીપણ ચિંતા કરવાનું કારણ નથી. આ મારી તલવાર અત્યારથી ખુલ્લી કરીને પ્રતિજ્ઞા લઉં છું કે શત્રુઓના મુસ્તક રણમાં રઝળતાં કરીશ, વિજયનાં વાજાં વગડાવીશ અને મહારાજા ભુવડની આણ પાટનગર પાટણમાં ફરકાવીશ, ત્યારેજ બહાદુર મિહીર આ તલવાર મ્યાન કરશે? અરે, તેમ છતાં કદાપિ પાછો પડીશ. તો જયશિખરના સરદાર સુરપાળને પત્ર લખી કપટ કરી

મિત્ર બનાવીશ. (રાજાપ્રત્યે) ભૂપતિ, હવે મને જવાની આજ્ઞા આપો.

ભુવડ—સુખેથી જોઇએ એટલું લશકર લઇને જાઓ. સિપાઇ, કચેરી બરખાસ્ત કરો.

પ્રવેશ બીજો.

સુરપાળનું ખાનગી સ્થળ.

પાત્ર—[સુરપાળજીના ખાનગી નોકરો, સુરપાળનું આવવું છેવટે મિહીરનો નોકર.]

પહેલો નોકર—આજે દસ દસ દિવસથી લડાઇ ચાલે છે, અને સુરપાળજીતો જમવા માટે પણ નવરા થતા નથી.

બીજો નોકર—અરે ભાઇ, લઢાઇનાં કામ એવાંજ છે. તેમને તો વિજય મેળવવો એજ સ્વાદિષ્ટ ભોજન સમાન છે. વળી એવા પ્રસંગોમાં તો યોદ્ધાઓ સુંદરીઓનું સ્મરણ કરતા નથી પણ તરવારનેજ પ્રાણપ્રિય ગણે છે.

પહેલો નોકર—અરે, સુરપાળજીની જીતનાં વાજીંત્ર વાગતાં હોય એમ સંભળાય છે ? ખરે સ્વારી તો હવે પાસે આવી. (સુરપાળજી પધારે છે.)

સુરપાળ—(નોકર પ્રત્યે) આજે તો શ્રી મહાદેવની કૃપાથી આપણી જીત થઇ છે.

બીજો નોકર—આપના જેવા નિમકહલાલ સામંતો જ્યાં સુધી

ગુજરાતમાં વસે છે. ત્યાં સુધી ગુજરાતના ગૌરવને ઘટાડનાર વીર ક્યાં વસે તેમ છે.

સિપાઇ—(બહારથી પ્રવેશ કરીને) કોઇ મિહીરનો માણુસ અંદર આવવાની રજા માગે છે.

સુરપાળ—સાવચેતીથી અંદર લાવો. (અંદર સિપાઇ આવી પત્ર ઉકેલી બતાવે છે.)

બંજારો.

આ પત્ર વાંચજો પ્યારા, સુરપાળજી સામંત મહારા
લખીતંગ સામંત મિહીર, તમે વાત સુણો ભડવીર,મ
પ્રસન્ન છે ભૂપ અમારા... ... '...સુરપાળજી.
યુદ્ધ કૌશલ્ય શુર તમારૂં પરાક્રમ શું નજરે ભાળું
અમ રાય થયા છે રસાળા... ... ...સુરપાળજી.
જયશિખરની પ્રીત તોડો રાય ભુવડમાં ચિત જોડો.
આપીશું ધન ગુણવાળા... ... ...સુરપાળજી.
કરી કપટને રાયને હણજો, સંદેશો અમને જણવશો.
કરો દરવાજા ખુલ્લા તમારા.... ... ...સુરપાળજી.
લક્ષ મહોરની જાગીર દઇશું રૂડું માન તમોને દઇશું
થાઓ તત્પર હે અતિ શુરા... ... ...સુરપાળજી.

(પત્ર વાંચ્યા પછી એકદમ ગુસ્સે થઇ ક્રોધથી,)

સુરપાળ:— બેત.

દષ્ટિ અવર છે સિંહની જો, મૃગલાં ભલે ફરતાં ફરે,
દષ્ટિ થતાં શું છટકતાં પળ એકમાં સ્વર્ગે પળે.

એ નીચ વૃત્તિ કુતરા તપતું હૃદય મારૂં અહા.
જો હોત મુજની પાસતો શસ્ત્રો થકી કરી દેત ઘા ;
(સામો પત્ર લખી ઉકેલતાં)

ક્ષત્રિ કલંક.

તમે સુણો મિહીર સોલંકી સરદાર નફટ ફટ ફટ વાંરેવાર
લખે ગુર્જરનો સુભટ્ટ સુરપાળ, ,,
કર્યો નર્કમાં મોકલવાનો પ્રયાસ; ,,
ક્ષત્રી ધર્મપર પાણી ફેર્યું ખાસ, ,,
ભલે ઇંદ્રાસન ભલે પ્રાપ્ત થાય; ,,
પણ ડગું નહિ ધર્મથી જરાય, ,,
ધર્મે જય એમ વેદનો ઉચ્ચાર; ,,
પાપે ક્ષય થશે તેમાં નહિ વાર, ,,
સ્વામી ભકિત માટે પંકાતો આ ભાર્ત; ,,
તમ કુળ નહિ હોયે શુદ્ધ ક્ષાત્ર, ,,
હોય ગુર્જર જીતવાની રૂડી હામ: ,,
કરો રણમાં રૂડેરો સંગ્રામ, ,,
રાજદ્રોહી કરવા મને ચાહનાર: ,,
ફીટકાર ફીટકાર લાખવાર: ,,

[illegible]માં ગીતિ.

ગુર્જરપતિ જયશિખર, રામસમો શુરો યોધ્ધો કહાવે,
સુરપાળજીની સહાયે સકળ ભૂમિમાં વિજયો વર્તાવે॰
કલ્યાણી નૃપ સંગે, હાર્યો બાજી રમતા રઢીઆળો,
પણ પાક્યો વનરાજા લીધું રાજ્ય એ વેરી હણનારો॰

ધોરણ પાંચમું.

સ્થળ:—કંજુસ અમથારામનું ઘર.

પાત્ર:—અમથારામ, પાછળથી અંબારામ અને જેઠારામ.

ઈશ્વરસ્તુતિ.

શિખરિણી છંદ.

નમું છું હે દેવા, તુજ ચરણમાં શિષ ધરીને,
ઉચ્ચારૂં તમ જાપો. મમ હૃદયમાં પ્રેમ કરીને.
દીધાં છે જે દાનો, નથી મમ કને કાંઇ દેવા;
પરંતુ હે પ્યારા અરપણ કરૂં છું શુદ્ધ સેવા૦

કંજુસરામ ઉર્ફે અમથારામ:—

રાગ (હું તો વિદુષક છું યાર)

હું છું બ્રાહ્મણ અમથારામ કંજુસરામ કહે તમામ,
ફરવું ઝોળી લઇ આ ગામ કરવા ભેગાં ઝાઝા દામ.
એક દિવસ જો મળે ન લાડુ અગીઆરસ હું ભાખું;
સાંજ પડે બે આના શોધી તરત શીશીકે નાખું: હું છું.
થયાં બાર વરસ ડગલાને પાઘડીને પચ્ચીસ,
પાંચ વરસથી ચાલે પોતીયાં તુમડાને ત્રીસ, હું છું.
એક દિવસનું રાંધેલું તે ચાર દહાડા ચાલે,
બળતણ ઝાઝું બળી જાય તે કેવી રીતે ફાવે. હું છું.
પૈસો ખર્ચતાં પ્રાણ જવાનો વાત ભણ્યો છું એવી,
સૌ ભાઇઓને શીખ દઉં છું વાપરશો ના પાઇ. હું છું.

એક પૈસો વાપરવો ને ઝેર ખાવું એ બે સરખુ છે! એ બે સરખું છે!! મારા મહેરબાન, ચમડીને જવા દેશો; પરંતુ દમડીને ના જવા દેશો. ચામડી તો બીજીએ આવશે, પણ ગએલી દમડી પાછી આવશે કે? માટે સમજશો કે પૈસો વાપરવો ને ઝેર ખાવું એ બે સરખું છે! એ બે સરખું છે!!

(આમ તેમ જોઇ ભોંયમાં દાટેલા રૂપીઆ કાઢી ગણી જુવે છે.)

અંબારામ—(દૂરથી બોલાવતાં) અમથારામ, અમથારામ છો કે?

અમથારામ—(મનમાં અરે કોઇ જોઈ જશે) એ આવો, અંબારામ આવો (અમથારામ પૈસા સંતાડી દેછે)

અંબારામ—(આવીને) નમસ્કાર, નમસ્કાર,

અમથારામ—એ નમસ્કાર! નમસ્કાર!! સો ગાઉથી નમસ્કાર!!!

અંબારામ—આજના પંચની વાત સાંભળીકે?

અમથારામ—શી?

અંબારામ—આજે માતાજીનો વાવર ચાલે છે, તેથી રોગની ઉત્પત્તિ ભારે છે, માટે ગામ બહાર ઉજાણી કરવાનો ઠરાવ કર્યો છે, અને માથાદીઠ રૂપીઓ એક લેવાનો ઠરાવ કર્યો છે.

અમથારામ—અરે, મારા ઘરનાં બધાં માણસ મરી જાય તો પૈસાનો બચાવ થાય તેમાં શું! ગજબની વાત થઇ, મારે તો રૂપીઆ બારની બેઠી.

અંબારામ—હા હા બારની, વળી કદાચ ખૂટશે તો પાવલું પાવલું ઉઘરાવી લઇશું.

અમથારામ—આ બધું ઉભું કોણે કર્યું?

અંબારામ—એતો મગન કાકાના મનસુખે. કહેતો હતો કે મારે ઘેર એકલોજ છું, અને લાડુ જોઈએ પંદર, તેથી કલદાર જોર્જ સિક્કાના રૂપીઆ ત્રણ જોઇએ.

અમથારામ—ચાલો ચાલો. હું જોઇ લઉં છું, શું બને છે. ચમડી જાય પણ દમડીને કેમ કઢાય મારા મહેરબાન!

અંબારામ—હા ચાલો. હું ઘેર જઇ એક બે માણસોને તેડી લાવું છું. અને પંચમાં તડપાડવાની ગોઠવણ કરૂં છું.

અમથારામ—હા, હા, તમારા વિચારને હું ટેકો આપું છુ. પણ વહેલા આવો. (બંને જાય છે. થોડીવારે અંબારામ છુટો પડી અમથારામના ઘરમાં પેસી જાય છે.)

અંબારામ—આજે બાર વરસથી એક પાઇ પણ ન વાપરતાં જેટલું લાવે છે; તેટલું આ જગાએ દાટી મૂકે છે, માંદો પડે છે, પણ આ જગા છોડતો નથી. મને તો આ જગાને માટે ઘણા દિવસથી વહેમ હતો; પણ જ્યારે બહારથી ધીમે રહીને જોયું ત્યારે ખરી વાત સમજાઈ ગઈ. ઘરનાં બૈરાં છોકરાંને પેટ ભરીને ખાવા દેતો નથી, માંદો પડે છે, ત્યારે ઓસડ પીતો નથી અને કપડાં લાવે જુગ વહી ગયા, માટે હવે તો સામટો સોદો કરાવી દઉં. (આમ કહી અમથારામે દાટેલું સઘળું કાઢી પલાયન કરી જાય છે)

અમથારામ—(થોડીવાર પછી આવીને) અને (ખાડો જોઇને) હાય!

હાય ! ! આશું ! ! ! (એકદમ ભોંયે પડી જાય છે
(વળી થોડીવારે ઉઠે છે.)

ઘણા દહાડાની એકઠી કરેલી પુંજી નાશ પામી. કોણુ પેઠું હશે ! હાથમાં આવે તો ઠેર કરૂં ! પણ કોને ! બસ હવે તો મરવું એજ નિશ્ચય.

નથી જો હાથમાં નાણું, ગણાઉં મૂર્ખ દુનીઆમાં,
નથી જો હાથમાં નાણું, પડે છે પીડ દુનીઆમાં,
નથી જો હાથમાં નાણું રઝળતાં પેટને ભરવું,
નથી જો હાથમાં નાણું, હવે તો જીવી શું કરવું ! ! !

હે ઇશ્વર, હવે તો તારા ધામમાં આ સેવક આવવાને માટે આતુર છે, તો હવે લઇ લેજે (આમ કહી દોરડું કાઢી ગળે ફાંસો ઘાલે છે એટલામાં જેઠારામ જોશી પ્રવેશ કરે છે.)

જેઠારામ—અરે શું છે ? શું છે ? (દોરડું કાપી નાખે છે)

અમથારામ—મારૂં કપાળ છે. રૂપીઆ એક હજાર ત્રણુસોને પંચોતેર એકઠા કરીને દાટ્યા હતા તે કોઈ હરામખોર લઈ ગયો છે રૂપીઆ ભેગા કરતાં મારા લોહીનું પાણી થઈ ગયું છે.

જેઠારામ—હા હા તમને હું સારી પેઠે જાણું છું, તમને ઘણું દુઃખ પડયું છે. સ્રીને સુખ આપ્યું નથી, છોકરાંને રીબાવ્યાં છે, એ બધાંના અંતઃકરણનો આશીર્વાદ તમને સામટો મળ્યો એ ખચીત માનજો.

અમથારામ—હા ભાઈ સાહેબ વાપરતો તો નહોતો.

જેઠારામ—બોલો મોટાભાઇ, આ પૈસા ભેગા કરવા માંડ્યા પછી કોઇ દિવસ તેમાંથી પાઇ સરખી પણ કાઢી હતી કે ?

અમથારામ—ના ! ભાઇ ના ! પાઇ તો શું પણ કોડી શાની કાઢી હોય.

જેઠારામ—તો તમે પૈસાને શું કરતા હતા ?

અમથારામ—હું દરરોજ ગણીગણીને મૂકતો હતો.

જેઠારામ—સાંભળો ત્યારે, આ ઘડામાં હું કાંકરા ભરૂં છું તે દરરોજ ગણીગણીને મૂકજો, કારણ કે તમે તમારા રૂપીઆ કદી વાપર્યા નથી અને હજુએ વાપરવાના હતા નહિ એટલે તે કાંકરા જેવાજ છે માટે હવે તો સમજો કે

कंजुसनुं धन कांकरा बराबर छे.

અમથારામ હા, હા. હું હવે સમજ્યો તો ખરો.

જે૦ રામ— છપ્પો.

કંજુસ માણસ જેહ, દુબળો દેહે દીશે,
કંજુસ માણસ જેહ, લુગડે ફાટે વેશે,
કંજુસ માણસ જેહ, સગાંને દુઃખી કરતો,
કંજુસ માણસ જેહ, લોકમાં કલંક લેતો.
કંજુસ કેરા ધનને ચોરો હરામી લઇ જશે,
કંજુસ બિચારો શું કરે; આખર માથું કુટશે;

ધોરણ ચોથું.

પાત્રઃ—સંન્યાસી, પાછળથી પ્રધાન અને રાજા

સ્થળઃ—રાજ મહેલ.

ઇશ્વરસ્તુતી.

રાગ (પશુમાં પડી એક તકરાર.)

તમોને નમીએ શ્રી કીરતાર (૨)
બાળક આશીર્વાદ ઇચ્છીએ, વિનવી વારંવાર.
પડીને ચરણે જગદાધાર..........તમોને.
મૂર્ખ માનવી ભલે વદે કે મારાં મંદિરમાળ.
અઢળક ધનનો માલીક હું છું; છું સહુનો સરદાર;
અરે એ જાતાં શી છે વાર..........તમોને.
આ સંસાર મુસાફરખાનું બે ઘડીનો આરામ,
સમજુ જન સહુ સમજી લે છે, રાયરંક મેમાન.
અરે તે મુરખને શું ભાન..........તમોને,

સંન્યાસીઃ—(પ્રવેશ કરીને) આ કંઇ ધર્મશાળા જણાય છે, તો આજની રાત તેમાં વાસો રહી સવાર પડતાંજ ચાલ્યો જઇશ. (વ્યાઘ્રચર્મ પાથરી સુવે છે)

પ્રધાન—(એકાએક પ્રવેશ કરીને) અરે! સાધુડા અહીં આવીને સુઇ જતાં જરા શરમાતો નથી. ચાલ ઉઠ ઉઠ. તું કોણ છે, અને કેમ આવી સૂતો છે? તું ક્યાં છે તેનું તને ભાન છે કે!

સંન્યાસી—હું એક પરદેશી ગરીબ સંન્યાસી છું. જાત્રા કરવાને માટે બહાર ફરૂં છું. આજ ,રાતની રાત આ ધર્મશાળામાં કાઢી સવાર પડતાંજ હું મારે સ્થાને ચાલ્યો જઇશ.

પ્રધાન—અરે નાગટા, આતો ધર્મશાળા નથી, પણ રાજવાડોછે. ધર્મશાળાને રાજવાડાનું ભાન તને નથી કે? ઠીક! ઉભો રહે તને સમજાવું છુ (રાજાને તેડી લાવે છે.)

મહારાજા, આપના મહેલમાં આ સાધુ ઘુસી ગયો છે, અને ઉઠાડતાં ઉઠતો નથી.

રાજા— ગજલ.

અરે હે સ્વામીજી શાણા વદો શું વેણ નકામા.
જુએ નહિ રંગ કુલી નાના, નહિ તો આ વદો શાના.
અમારી આ હવેલી છે, ગગનમાં જઇ ઠરેલી છે.
નહિ તમ કાજ હે યોગી ભલા ભોગે ભરેલી છે.
અમારી સાહ્યબી આગળ તમારી શી મને પરવા,
ઉઠો અહીંથી પધારોને, કરો શા કારણે બકવા.

સંન્યાસી—

તમારા મહેલને માળા, અમારે તો પથિકશાળા.
તમારા ધનના ઢગલા અમારે મન અંગારા.
તમારી ગાડી ફૂલવાડી, નકામી એ બધી ઝાડી,
અમારી ઝોળી ને ઝાળી સદાએ સાથ રહેનારી.

હે રાજન! હું તમોને એ વાત પુછું છું તેનો ઉત્તર તમારા તરફથી મળવો જોઇએ.

રાજા—ભલે સુખેથી પુછો.

સન્યાસી—તમારો રાજમહેલ કોણ બંધાવ્યો છે?

રાજા—મારા દાદાએ.

સન્યાસી—તેમના મરણ પછી તેમાં કોણ રહેતું હતું?

રાજા—મારા પિતા.

સન્યાસી—વારૂ, તો તમારા પછી આ મહેલમાં કોણ રહેશે?

રાજા—ઇશ્વર ઇચ્છા હશે તો મારો પુત્ર.

સન્યાસી—તારા બાપદાદા આજ મહેલમાં રહેતા હતા તે ગયા. તું પણ થોડો સમય રહી ચાલ્યો જઇશ. તારા પુત્રો પણ વૃદ્ધાવસ્થાએ પહોંચી ચાલ્યા જશે. તો પછી આ મહેલમાં અને ધર્મશાળામાં શો ફેર છે; જેમ ધર્મશાળામાં માણસો આવે છે ને જાય છે, તેમ તારા મહેલમાં જુના જાય છે ને નવા આવે છે, તો તમારે મન ભલે આ મહેલ છે, પણ અમારે મન તો ધર્મશાળા છે. (ચાલ્યા જાય છે)

રાજા—ખરેખર, આતો કોઇ મહાત્મા જણાય છે. તેમના વદવા પ્રમાણે જગતમાં કોઈ વસ્તુ સ્થિર નથી; કોઈની થવાની નથી, અને કોઇની સાથે જવાની પણ નથી. માટે હવે તો ઇશ્વરસ્તુતિ કરવી એજ સત્ય વસ્તુ છે.

રાજા, પ્રધાન વગેરે.

રાગ (હાલરડું વહાલુંરે હો ભાઇને)

જીંદગાની છે જનારીરે ભાઇ આ જીંદગાની છે જનારી.
કુડકપટથી ધન કર્યું ભેગું માલીકનું ઉંધું વાળી.
ઘરની સ્ત્રીઓને ઘડાવ્યું ઘરેણું, આખર થાશે ખુવારીરે ભાઇ આ.
જમડાનું તેડું જ્યારે આવશે માથે; પોટલાં તું શાનાં વાળી.
કિંકર કયાને તું માથે મૂકાવીશ દશા હશે તુજ નઠારીરે. ભાઇ આ.
ભજો ભગવાનને ભાવેથી ભાઇ સદા રાખે સુખકારી
મહેલ ને માળા એ ધર્મશાળાઓ માનો સદા નરનારીરે ભાઇ આ.

ધોરણ ત્રીજું.

સ્થળ—અકબર પાદશાહની કચેરી

પાત્ર—અકબર પાદશાહ, પંડિતો, પાછળથી બીરબલ અને સિપાઇઓ વગેરે.

ઇશ્વર સ્તુતિ.

રાગ—(વિસરૂં નહિ પ્રભુ નામ.)

કરુણા કરો કિરતાર દયાળુ પ્રભુ કરુણા કરો કિરતાર;
તુજ કૃપાએ કવિવર થાયે,
હોય મૂરખ ગમાર ... ...દયાળુ.
ન્યાય અદલ દે રાય ભૂપરે ... ...અદલ દે
તુજ ગતિ અનુસાર... ... ...દયાળુ.
જળ સ્થળ વાદળ, જન સહુ કારણ;
રોકે ન કોઇ લગાર ... ...દયાળુ.

ધાન્ય ધન સહુ સંપત સારી;
ન્યાયની દૃષ્ટિ અપાર... ... ...દયાળુ.
ભણતર ભણુતાં બુદ્ધિ દેજો;
વિનવીએ અમ બાળ... ... ...દયાળુ.

અકબર પ.દ [illegible] –માગ શાબ્બા પંડિતો ! આજનો દિવસ દિવાળીનો છે. તો તે પ્રસંગે કંઇ જ્ઞાનની વાર્તા ચલાવશો, કે જેથી સભા આનંદીત થાય.

પહેલો પંડિત—જેવી ખુદાવં[illegible] [illegible]જ્ઞા.

દોહરો.

જેના બાળક અભણ છે, તે નરને ધિક્કાર;
ગણેગુણી ગર્ધવ સમો. વર્ત્યો જગતમાં ભાર.

અકબર—શાબાશ પંડિતજી ! વિદ્યા વગરનો માણસ પશુજ છે.

બીજો પંડિત— **ભુજંગી.**

છતા છતમાં હોય જો દામ હસ્તે,
સહે પીડ અંગે જવાના કુરસ્તે;
કરે ના વિવેકે રૂડાં ધર્મ દાનો,
ખરે ધનદાસો ગણાએ જનોમાં.

અકબર—પંડિતજી ! તમારો વાર્તા સત્ય છે. ધનનો ઉપયોગ નહિ કરનારા ધનના રખવાળો છે.

સિપાઈ—નેકનામદાર ! બહારથી કોઇ કવિ અંદર આવવાની રજા માગે છે.

અકબર—આવવા દો.

બીરબલ—[વિચિત્ર વેશમાં પ્રવેશ કરીને.]

બીરબલ— સુરજ સંગે તેજને અટકાવનારૂં કો નથી,
છાયા પદારથ સંગમાં અટકાવનારૂં કો નથી.
બાળક જતાં પિતુ સોડમાં અટકાવનારૂં કો નથી,
પણ બાળ જતાં પતુ સોડમાં અટકાવનારૂંછે અહિં.

પાદશાહ—કવિરાજ તમારી કવનાથી આખી સભાનાં મન રંજન થઇ ગયાં છે. (પ્રધાન પ્રત્યે) પ્રધાનજી; આ કવિને એક લક્ષ મહોર ઇનામમાં આપવી જોઈએ.

પ્રધાન—જહાંપનાહ! ખજાનચીને ત્રોજારીમાંથી લાવવાનું કહી દઉં છું.

પાદશાહ—ભલે મંગાવો. (ખજાનચી લાવે છે) કવિરાજ લ્યો ઇનામ.

બીરબલ—તમારૂં ઇનામ મારે જોઇતું નથી; પરંતુ હું જે માગું તે ઇનામમાં મળવું જોઈએ.

પાદશાહ—ભલે આથી ભારે ઈનામની માગણી કરવી હોય તો, હું આપવાને માટે તૈયાર છું.

બીરબલ—નેકનામદાર મને સો ફટકા મારવાનો હુકમ થવો જોઈએ. (સભા આશ્ચર્ય પામે છે.)

પ્રધાન—કવિરાજ! અમો તમને ઇનામમાં સો ફટકા મારીએ એથી અમારા ગ[illegible]ને [illegible]ને આ પંડિતોની સભાને એબ લાગે, માટે **એમતો બનેજ** નહિ.

પાદશાહ—પ્રધાનજી! કવિલોકો એતો જગતના પ્રત્યક્ષ દેવો છે. એમના હુકમને માન આપવું એ આપણું ભૂષણ છે; કારણ કે તેમાં કાંઈ ખુબી રહેલી છે. [સેનાધિપતિ પ્રત્યે] સૈન્યાધિપતિ! આ કવિરાજને સો ફટકા મારવાનો હુકમ છે [કવિના કહેવા મુજબ ફટકા મારતાં મારતાં પચાસ ફટકા થાય છે એટલે બીરબલ બોલી ઉઠે છે.]

બીરબલ—[આશ્ચર્યથી] સબુર!!! સબુર!!! મારા ઇનામનો એક અર્ધો ભાગીદાર છે; કારણ કે મને જે ઇનામ મળે તેનો અર્ધો ભાગ આપવાને હું કબુલ થએલો છું. અરે! મેં મારા ઇનામનો અર્ધો ભાગ આપવાનો કબુલ કર્યો ત્યારેજ મને કચેરીમાં આવવા દીધો છે.

પાદશાહ—તે કોણ છે અને કયાં રહે છે?

બીરબલ—તે આપનો પહેરાવાળો સિપાઇ જ છે.

પાદશાહ—સિપાઇ! બોલાવો તેને (જાય છે.) ખરેખર! આ કવિની વાણી સાંભળી હું ઘણોજ ખુશ થયો છું. કારણ કે તે કવિએ પોતાની કવિતાની છેલ્લી લીટીમાં કહ્યું છે કે "પણ બાળ......અહિં" તેનો ગુપ્ત અર્થ હું હવે બરાબર સમજ્યો છું. ખરેખર! પિતાની પાસે બાળકને જતાં જેમ કોઈ અટકાવનાર નથી, તેમ પ્રજાના પિતા રાજા આગળ જનાર માણસને અટકાવનાર ચેલો લુચ્ચો સિપાઈજ હોવો જોઈએ, (એટલામાં લુચ્ચા સિપાઇને હાજર કરે છે. તે વખતે કવિને ધન્યવાદ આપી દરબારમાં રહેવાનું ફરમાવે છે, અને સિપાઈ

તરફ કરડી નજર કરી જોસબંધ સો ફટકા મારવાનો અને બંદીખાને નાખવાનો હુકમ ફરમાવે છે)

લુચ્ચો સિપાઈ— (હાથે પગે ઘાલેલી બેડીઓના સ્વરૂપમાં)

[આવો બાળકો આવાર એ રાહ]

જુઓ બાળકો દઈ ધ્યાન,
કરવું કોઈનું ન હરામ;
કપટે કાઢતાં ધન આમ,
બનીએ હું જ બંદીવાન.

ધોરણ બીજું.

સ્થળઃ—જંગલમાં.

પાત્ર—ત્રણ ઠગ, પછાળથી બકરું લઈને આવતો બ્રાહ્મણ.

ઇશ્વરસ્તુતિ.

ભુજંગીછંદ.

નમું હું નમું હું, તમોને વિભુજી;
સદા સુખ દેજો, અમોને પ્રભુજી.
કરંતાં ઠગાઇ, સદા દૂર રાખો,
શરીરે સુખીને, બહુ બુદ્ધિ આપો

પહેલો ઠગ—(પ્રવેશકરીને)

આજે ઘેરથી નીકળે ઘણા દિવસ થયા, પણ હજુ સુધી કંઇ માલ આવ્યો નહિ.

બીજો ઠગ— જા ! જા ! તારી જોડે રહી હવે તો પરતાઇએ છીએ. સાત સાત વખત કેદમાં ગયા ને કંઇ હાથમાંતો રહ્યું નહિ. આવું કામ કરવા કરતાં ગામમાં મજુરી કરી હોત તો બૈરાં છોકરા સુખેથી દહાડા કાઢત.

ત્રીજો ઠગ— અરે શું કંઇ કહો છો ગાં પેલું ધન હાથમાં આવ્યું. (એમ કહી છેટેથી બકરૂં લઇ આવતા બ્રાહ્મણ તરફ દોડે છે. બે જણ સંતાઇ જાય છે. એક આગળ આવે છે.]

પહેલો ઠગ— ગોર મહારાજ ! તમારે કયે ગામ જવું છે ?

બ્રાહ્મણઃ—મારે તો આ આનંદપુર શહેરમાં જવું છે, પણ શહેરનો રસ્તો આજ છે કે ?

પહેલો ઠગ—હા ! રસ્તો તો આજ છે, પણ ખભે કુતરાને બેસાડી ક્યાં લઇ જાઓ છો ?

બ્રાહ્મણ—ના ભાઇ ! આ તો બકરૂં છે હું તો કંઇ એવો મૂર્ખ નથી, કે બકરાને બદલે કુતરાને લઇને ચાલું ! (થોડીવાર આગળ ચાલે છે. બીજો ઠગ સામો આવે છે.)

બીજો ઠગ—મહારાજ છો કે ?

બ્રાહ્મણ—હા ! મહારાજ છીએ.

બીજો ઠગ— તો આ કુતરાથી નથી ચલાતું કે શું ? તે માંદુ તો નથી પડયું ને.

બ્રાહ્મણ—જાઓ ! જાઓ ! તમારે બકરાનું અને કુતરાનું શું કામ છે. મેં તો રબારીને ત્યાંથી રૂપીઆ દસ ખરચી બકરૂં ખરીદ્યું છે, તો પછી કુતરૂં ક્યાંથીજ હોય ! [એમ કહી આગળ જાય છે. સામો ત્રીજો ઠગ આવે છે.]

ત્રીજો ઠગ—અરે ભગવાન! આ તો હડહડતો કળજુગ આવ્યો છે. દેખાય છે તો બ્રાહ્મણ જેવા કોટમાં જનોઇ છે, અને વળી કપાળમાં ચાંલો કર્યો છે, તો આવાં માણસો હડકાયા કુતરાંને લઇ જશે તો પછી દુનીઆ ઉંધી વળી જશે. (બ્રાહ્મણ તરફ જોઇને) અમારે તો કાંઇ નથી, પણ હડકાયું કુતરૂં તમને કરડશે તો તમારો પ્રાણ નીકળી જશે!!! વધારે કુતરાંની જરૂર હોય તો અમારે ત્યાંથી જોઇએ તેટલાં ખભે બેસાડી લઇ જજો.

બ્રાહ્મણ—(મન સાથે વિચાર કરતાં કરતાં) આ ત્રણ જણ જ્યારે કુતરૂં કહે છે તો ખરેખર મારા જોવામાંજ ખામી હશે. (એમ ધારી બકરૂં મુકી દઇ ચાલતો થાય છે.)

(પાછળથી ત્રણે ઠગ આવી બકરૂં ખુશી થઈને ઉપાડે છે. એટલામાં રાજાના સીપાઇઓ તેમને પકડે છે; અને ઓળખી ખુબ માર મારે છે. તે સમયે ત્રણે ઠગો પોતાને ઉદ્દેશી **'કરે તેવું પામે'** આ શિખામણ સર્વને ભાન કરાવવા નીચે મુજબ કહે છે.

રાગ કલ્યાણ. (આવો આવો આમ એ રાહ)

આવો આવો આમ, હે મિત્ર સહુ તમામ;
કામ કુડાં કર્યાથકી, થયા બંદીવાન.........ટેક. ૧
દયા દિલમાં જરી ન રાખી, હર્યું પરાયું ધન;
પાખંડે પંડિતે ડુબ્યા, ડુબ્યા બહુ સજ્જન... આવો. ૨
જે જન જેવાં કામો કરશે, તેવાં મળશે ફળ;
માટે કુડાં કામ ન કરશો, રાખો મન નિર્મળ... આવો. ૩

ધોરણ પહેલું.

પાત્ર—બકરાં ચારતો છોકરો, પાછળથી સીમમાં લોકો, છેવટે વાઘ

સ્થળ—જંગલ. **સ્તુતિ.**

દોહરો.

હે ઈશ્વર નમીએ તને, જોડી બંને હાથ:
સારી વિદ્યા આપજે, મેળવ સારો સાથ.
જુઠું જરી ન બોલીએ, ગુણવંતા ભગવાન:
માફી દેશો બાપનું, ગાશું રૂડાં ગાન.

રબારીનો છોકરો—(બકરાં ચારતો ચારતો આમ તેમ જોઈને.)

[ઊંડું જગે ઉડું વને એ રાહ]

અહીં મને નહિ ગમે, હું એકલો પડી રહ્યો;
બોલાવું લોક થોકને, ખેલું ખરે ખરેખરો.

ખરેખર ! એકલા પડી રહેવાથી મને બીલકુલ મઝા પડતી નથી, માટે કંઈ કળા કરીને માણસોને ભેગા કરૂં.

(થોડીવાર આમ તેમ ફરી બકરાં હાંકતાં હાંકતાં.)

વાઘ આવ્યોરે ! વાઘ આવ્યોરે !! વાઘ આવ્યોરે !!! ધાજોરે ! ધાજોરે !! ધાજો.

(થોડીવારે લોકો એકદમ દોડતા દોડતા પ્રવેશ કરે છે.)

લોકો—હે ભાઈ ! વાઘ કયાં છે ? અમને બતાવ, કે તેને જલદી નસાડી મુકીએ.

છોકરો—અંહાહાહાહા ! વાઘ શો ને વાત શી ! ! ! મેં તો અ-
મથી બૂમ પાડી હતી. જાઓ જાઓ તમારૂં કામ કરો.

લોકો—અમે તો આ ચાલ્યા, પણ જુઠું બોલવાથી પરમેશ્વર
રાજી રહેતો નથી, માટે આવું કામ કરીએ નહી.

છોકરો—ઠીક ! ઠીક ! ! જાઓ.

વાહ કેવી મઝા, લોક આવ્યા ઝાઝા;
જાણે હું તો રાજા, જાણે વાગ્યાં વાજાં.

(થોડીવાર પછી સાચો વાઘ આવે છે, તે બકરાંનો નાશ કરે છે. પ્રથમની પેઠે બુમ પાડે છે, પણ ખોટી બૂમ જાણી કોઇ આવતું નથી.)

(છોકરો ગાભરો બની) અરેરે ! ! ! પ્રથમ મેં ખોટી બુમ ના પાડી હોત તો લોકો નુકસાન થવા દેત નહિ. (આકાશ તરફ જોઇ) હે પ્રભુ ! જુઠું બોલ્યાનું આ મને ફળ મળ્યું છે, માટે હવેથી જુઠું નહિ બોલવું.

મારી ચોપડીમાં લખ્યું છે કે: —

ચોપાઇ.

"જે જન મશ્કરી કરવા જાય, મોડો વે'લો તે સપડાય;
જુઠાણું જલદી પકડાય, આખર જુઠો જન પસ્તાય."

[વાંચન ચોપડી પહેલી]

સમાપ્ત.

ઈનામી પ્રશ્ન.

સૂચના—૧ આ બુકની પહેલી પ્રત ખપેથી ઈનામ વહેંચાશે.
૨ ત્રણ પ્રશ્નના જવાબ જેઓ તરફથી આવશે તે પૈકી પાંચ જણને સરસ્વતિચંદ્ર ભાગ–૧ લો ઇનામ તરીકે મળશે. છેવટે બે પ્રશ્નવાળાને પસંદ કરવાની જરૂર પડશે તો તેમને ઇનામ મળશે.
૩ પ્રશ્નના જવાબ સાથે સરનામું ચોક્સ લખવું.

પ્રશ્ન–૧ લો—ઈતિહાસમાં ચિરસ્થાયી રહેનારો બનાવ.

અક્ષર	અક્ષર	અક્ષર
૧+૧૧+૧૮=વહાણ હાંકનાર.	૩+૨=પૈસા.	૧૦+૨૨=વહાણ.
૫+૬+૪=નગર	૮+૭=સમજ.	૧૨+૧૪=માણસો.
૧૬+૯+૭=અલૌકિક	૧૫+૬=અંદર.	૨૨+૧૩=ઉમ્મર.
૧૯+૨+૩=સરસ.	૨+૨૦=વિચાર.	૨૧+૩=હંમેશાં

૬+૧૭=વરસાદનું વધારે પડવું તે.

પ્રશ્ન–૨ જો—

૧+૩=દેવું. ૯+૧=પાણી. ૪+૨+૩=જાદુ કરવો તે.
૭+૮=ધ્રૂજવું તે. ૮+૬=ટેક. ૫+૧=માણસ.

પ્રશ્ન–૩ જો—

૩+૪+૫=સામસામા ભાષણ કરવું તે. ૧+૪=સાધુ.
૪+૨=એક જાતનું કઠોળ. ૫+૪=ઔષધ.

સોલ એજન્ટ
મેસર્સ રમણ–કાન્ત એન્ડ કુંપની.
મુ૦ સારસા તા૦ આણંદ.

ટીપ—પત્ર વ્યવહાર કુંપનીના સરનામે કરવો, જવાબ માટે પોસ્ટેજ સ્ટેમ્પ મોકલવો. જેને ઇનામ લાગશે તેને ખબર આપીશું, તેણે લખ્યા મુજબ ટપાલ ખર્ચ મોકલવું; ટપાલ ખર્ચ નહિ મળે તો ઈનામ મળશે નહિ.

નંબર

ઇનામી પ્રશ્ન કુંપન.

નામ ______________________________

ઠેકાણું ______________________________

મુકામ ______________________________

પોસ્ટ ______________________________

સહી ______________________________

ટીપ—આ કુંપન જવાબ સાથે આવશે તો જ ખરૂં ગણાશે.

ૐ

નીતિ વચન.

૧. ન ભણવું તેના કરતાં ન જન્મવું વધારે સારું છે.
[પ્લેટો]

૨. પુસ્તકોનો સ્નેહ એ ઈશ્વરના રાજ્યમાં પહોંચવાનો પરવાનો છે.
[આર્નોલ્ડ]

૩. દરેક ઉમદા કાર્ય શરૂઆતમાં અશક્યજ હોય છે.
[કારલાઈલ]

૪. દુર્ગુણતાથી કમાણીનો અંત આવે છે, પણ ઉદ્યમથી આબાદી આવે છે.

૫. દુનિયામાં સુખની હવા, પણ સુખનો માર્ગ આત્મિક.
[સ્વામી રામતીર્થ]

૬. હીરા ને માણેક કરતાં સારા વચનની કિંમત અધિક છે.

૭. ગુણવાનો ગુણવાન પૂજાય છે. [ભર્તૃહરિ]